IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ઉચ્ચ શિક્ષણમાં પર્યાવરણ અને મનોવિજ્ઞાનની ભૂમિકા

પ્રા. કવિતાબેન સી. ચૌધરી
જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય થવા
તા. નેત્રંગ, જી. ભરૂચ

## સારાંશ

પ્રવર્તમાન સમયમાં પર્યાવરણ અને મનોવિજ્ઞાન એ શિક્ષણને જોડતી કડીરૂપ છે. ઉચ્ચશિક્ષણમાં પર્યાવરણ અને મનોવિજ્ઞાનની ભૂમિકા અધ્યેતા કેન્દ્રી છે. પર્યાવરણ શિક્ષણ એ જવાબદારી જાણવા તથા વિચારોને સ્પષ્ટ કરનારી એવી પ્રક્રિયા છે. જેથી મનુષ્ય પોતાની સંસ્કૃતિ અને જૈવિક-ભૌતિક પરિવેશના સંદર્ભમાં પોતાની સબંધિતતાને ઓળખવા અને સમજવા માટે આવશ્યક કુશળતાઓ અને વલણો વિકસાવી શકે. પર્યાવરણ અને મનોવિજ્ઞાનનું શિક્ષણ ગુણવત્તા સાથે સબંધિત બાબતો માટે વ્યાવહારિક આચારસંહિતાનું નિર્માણ કરવાની અને નિર્ણય લેવાની ટેવને વ્યવસ્થિત કરે છે. આવનારી પેઢી પર્યાવરણ સબંધી જાગૃતતા કેળવશે એવી આશા સાથે ઉચ્ચ શિક્ષણમાં પર્યાવરણ અને મનોવિજ્ઞાનની ભૂમિકા અગત્યની છે. ઉચ્ચશિક્ષણમાં પર્યાવરણ અને મનોવિજ્ઞાન વિધમાન પરિસ્થિતિમાં અધ્યેતાને સતર્ક બનાવે છે. અધ્યેતાઓના વૈયક્તિક તફાવતોને પારખવા અધ્યેતાઓને અનુકુલન સાધતાં શીખવે છે. પર્યાવરણ સાથે અધ્યેતાએ કેમ અનુકૂળ થવું એ બાબત જીવનના દરેક ક્ષેત્રમાં શીખવે છે. અને વાતાવરણને અનુકુલન થવા પર્યાવરણ અને મનોવિજ્ઞાનની ભૂમિકા મદદરૂપ થાય છે.

## પ્રસ્તાવના

શિક્ષણ જગતમાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે પર્યાવરણ અને મનોવિજ્ઞાન એ આજની તાતી જરૂરિયાત છે. વિધાર્થી એ જગતના પરિબળોથી દૂર નથી. એના કાને પર્યાવરણની વાતો અથડાય છે. એની આંખો જુએ છે. આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રે થતી હલચલો સાથે ઉધોગ અને પ્રાકૃતિક સ્ત્રોતો તેમજ ઉત્પાદનની આંટીઘૂંટીથી એ સાવ અજાણ્યો નથી. છતાં દિવસે ને દિવસે ક્રમે ને ક્રમે આગળ વિકસતી પર્યાવરણીય સમજ શિક્ષણમાં ઉમેરી વિધાર્થીઓને જ્ઞાત કરીશું તો જ તે પર્યાવરણીય જાળવણી વિશે જાણશે.

"પર્યાવરણ શિક્ષણ એ એવી પ્રક્રિયા છે જેનો ઉદ્દેશ એવી વિશ્વવસ્તી વિકસાવવાનો છે જે સમગ્ર પર્યાવરણ અને તેની સાથે સબંધિત સમસ્યાઓ અંગે જાગ્રત અને ચિંતિત હોય અને વર્તમાન સમસ્યાઓના ઉકેલ માટે નવી સમસ્યાઓને અટકાવવા માટે વૈયક્તિક અને સામૂહિક રીતે કરવાના કાર્યો માટે જરૂરી જ્ઞાન, વલણો, પ્રેરણા, પ્રતિબધ્ધતાઓ અને કૌશલ્યો ધરાવતી હોય."

ગુજરાતીમાં પર્યાવરણ શબ્દમાં બે શબ્દો પરિ + આવરણનો સમાવેશ છે. 'પરિ' એટલે ચારે તરફ, ચારે બાજુ કે આસપાસ અને 'આવરણ' એટલે વિશિષ્ટ સપાટી, પડ કે સ્તર. આમ, આપણી આસપાસ ફેલાયેલા કુદરતી તત્વોનું આવરણ એટલે પર્યાવરણ. અંગ્રેજીમાં પર્યાવરણને Environment કહેવામાં આવે છે. જે ફ્રેન્ચ ભાષાના Enviros શબ્દ પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ ચારે બાજુથી ઘેરવું એટલે કે આપણી આસપાસની સૃષ્ટિનો સમાવેશ પર્યાવરણમાં થાય છે.

આવનારા સમયમાં પર્યાવરણ અને પ્રદૂષણ વિષે ગંભીર બની ચિંતન કરવાના અને તેના ઉપર સચોટ નિરાકરણ લાવવાની દિશામાં આગળ વધવાનો સમય આવી ગયો છે. માનવ અને પર્યાવરણનો નાતો આજકાલનો નહીં, પરંતુ વર્ષો જૂનો છે. અને આ નાતો કુદરતે સર્જ્યો છે.

કેળવણી એ માનવવિકાસની આજીવન પ્રક્રિયા છે. તે માનવીની શક્તિઓનું સંપૂર્ણ પ્રગટીકરણ અને આવિષ્કરણ છે. તે વ્યક્તિના સર્વાંગીણ વિકાસની પ્રક્રિયા બની જાય છે. કેળવણી દ્વારા વ્યક્તિમાં ઇષ્ટ પરિવર્તનો આવે છે. મનોવિજ્ઞાન દ્વારા માનવમાં આવેલા પરિવર્તનો માનવને દાનવમાંથી માનવ અને નરમાંથી નારાયણ બનાવે છે. તે

સાતત્યપૂર્ણ પ્રક્રિયા હોવાથી વ્યક્તિમાં તેના જીવનપર્યંત પરિવર્તન લાવનારી પ્રક્રિયા બની જાય છે. મનોવિજ્ઞાનમાં કેળવણી પ્રક્રિયા દ્વારા અધ્યેતાઓના જ્ઞાન, ચારિત્ર્ય અને વર્તનનું ઘડતર થાય.

મનોવિજ્ઞાન માટે અંગ્રેજીમાં સાયકોલોજી (Psychology) એવો પર્યાય છે. આ શબ્દ બે મૂળ ગ્રીક શબ્દો 'Psyche' અને 'Logos' પરથી ઉતરી આવ્યો છે. ગ્રીક ભાષા અનુસાર સાયકોલોજી એટલે આત્માનો, મનનો અને સ્વનો અભ્યાસ કરતું શાસ્ત્ર.

પ્રાચીન સમયથી આધુનિક સમય સુધીની મનોવિજ્ઞાનની વિકાસયાત્રામાં વિવિધ પરિવર્તનો આવ્યા છે. શિક્ષણ કે કેળવણી અને મનોવિજ્ઞાનને જોડતી કડી માનવવયવહાર કે માનવવર્તન છે. મનોવિજ્ઞાન માનવવર્તનનું અધ્યયન કરે છે. જ્યારે કેળવણી કે શિક્ષણ માનવવર્તનમાં પરિવર્તન લાવનારી પ્રક્રિયા છે. આમ તે બંનેના કેન્દ્રોમાં માનવવ્યવહાર કે માનવવર્તન રહેલા છે.

"શાળામાં તેમજ શાળા બહાર વ્યક્તિ તેના દરેક અનુભવને આધારે કઈંક શીખે છે. માનવપ્રાણી આ અનુભવોથી કેળવાય છે. તેથી શૈક્ષણિક મનોવિજ્ઞાનનું કેન્દ્ર માનવીની શૈક્ષણિક પરિસ્થિતિમાં શિક્ષણ પ્રાપ્તિ બને છે. તેથી શૈક્ષણિક મનોવિજ્ઞાન વ્યક્તિના જન્મથી વૃધ્ધાવસ્થા સુધીના અધ્યયન અનુભવોનું વર્ણન અને સમજૂતી આપે છે.

ખરેખર ઉચ્ચશિક્ષણમાં પર્યાવરણ અને મનોવિજ્ઞાનનું જ્ઞાન માત્ર પુસ્તકિયું જ બની રહે એ પૂરતું નથી. બાળકના આંતરમનને સમજવું ખૂબ જરૂરી છે.

## ઉચ્ચશિક્ષણમાં પર્યાવરણની ભૂમિકા

પર્યાવરણીય શિક્ષણ એ શિખવવાની એક પ્રક્રિયા છે. જે પર્યાવરણ અને તેને સબંધિત પડકારો વિશે લોકોમાં જાગૃતિ ફેલાવે છે. તે પડકારોનો સામનો કરવા માટેની આવશ્યક આવડતો તથા કૌશલ્યોને વિકસાવે છે અને જવાબદારીપૂર્વકના પગલાં લેવા માટેના વલણ, પ્રેરણા તથા પ્રતિબધ્ધતાને પ્રોત્સાહિત કરે છે.

- પર્યાવરણ તથા પર્યાવરણીય પડકારો અંગે જાગૃતિ અને સંવેદનશીલતા કેળવવા.
- પર્યાવરણ તથા પર્યાવરણીય પડકારો વિષે જ્ઞાન અને સમજ વિકસાવવા.
- પર્યાવરણને લઈને અભિગમ ચિંતા તથા પર્યાવરણની ગુણવત્તા જાળવી રાખવામાં મદદરૂપ થવું.
- પર્યાવરણીય સમસ્યાઓના સમાધાન માટે કૌશલ્ય વિકસાવવા.
- પ્રવર્તમાન જ્ઞાન અને પર્યાવરણ સબંધિત કાર્યક્રમોના અભ્યાસમાં સામેલગીરી.
- પ્રકૃતિ અભ્યાસ આંદોલનમાં વિદ્યાર્થીઓ કુદરતની કદર કરે અને પ્રાકૃતિક જગત તરફનો તેમનો ઝોક વિકસે તે માટે નૈતિક શિક્ષણ અને પૌરાણિક કથાઓનો આધાર લેવાતો હતો. જે આવશ્યક છે.
- પર્યાવરણના સાંસ્કૃતિક આધારોની ઓળખ આપવા.
- પર્યાવરણની જાગૃતતા સબંધી તમામ માહિતી લોકો સુધી પહોંચાડવા.
- ઝડપથી વિશ્વમાં અને વિશેષ કરીને ભારતમાં વસ્તીની વૃધ્ધિ થઈ રહી છે. અને વિસ્ફોટક સ્થિતીએ પહોંચી છે. તેના કારણે પર્યાવરણની સમતુલા પર અસર થાય તે માટે મહત્વની ભૂમિકા છે.
- આવનારી પેઢીમાં પર્યાવરણની સુરક્ષા માટે આવશ્યક સભાનતા, જ્ઞાન, કૌશલ્યો, વલણો અને મૂલ્યો વિકસાવવા પર્યાવરણનું શિક્ષણ ઘણું મહત્વનું બની જાય છે.
- કુદરતે આપણને પ્રાકૃતિક સંસાધનોના વિશાળ ભંડારો તો આપ્યા છે પરંતુ કુદરતી સંસાધનોનો બુધ્ધિપૂર્વક-વિવેકપૂર્વકનો યોગ્ય ઉપયોગ નવી પેઢીને શીખવવાનો છે.
- વાયુમંડળમાં ઓક્સિજનનું આવશ્યક પ્રમાણ જાળવી રાખવાનું અને કાર્બન ડાયોક્સાઇડની વૃધ્ધિથી થનાર પર્યાવરણીય વિકૃતિઓ દૂષણોથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા પર્યાવરણ પ્રતિ જાગૃતિ લાવવા કેવી પ્રવૃતિઓ કરવી અને કેવી પ્રવૃત્તિઓથી દૂર રહેવું વિશેનો ખ્યાલ આપવો જરૂરી છે. પર્યાવરણ સબંધી જ્ઞાન આપવાથી તેનું સરંક્ષણ અને સંવર્ધન માટે જાગૃતતા કેળવાશે. વિદ્યાર્થીઓમાં આ પ્રકારનું વલણ કે મૂલ્ય વિકસાવવા પર્યાવરણ શિક્ષણ સહાયરૂપ બનશે.
- ઓદ્યોગિક ક્રાંતિ વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ અને વૈજ્ઞાનિક શોધોના પરિણામે વિવિધ પ્રકારના પ્રદૂષણો ઉદભવ્યા છે જેની સમગ્ર સૃષ્ટિ પર વિનાશકારી અસરો થઈ છે. વિવિધ પ્રકારના પ્રદૂષણના કારણે અનેક રોગો ફેલાય છે. જેને કાબુમાં લાવવા પર્યાવરણનું જ્ઞાન ઉપયોગી નીવડે છે.
- પર્યાવરણની કથળેલી પરિસ્થિતિથી સભાન બનાવવા પ્રદૂષણને નિયંત્રિત કરવા તેની ઘાતક અસરોથી બચવા માટે આવશ્યક ઉપાયોની જાણકારી આપવા પર્યાવરણ શિક્ષણ આવશ્યક બન્યું છે. તેની ભૂમિકા અગત્યની છે.
- પર્યાવરણ શિક્ષણ 'જીવો અને જીવવા દો', 'વિશાળે જગ વિસ્તરે નથી એક જ માનવી, પશુ.. છે,.. પંખી છે.. પુષ્પો.. વનોની છે વનસ્પતિ' (ઉમાશંકર જોષી) વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને ઉચ્ચશિક્ષણમાં પર્યાવરણની ભૂમિકા મહત્વપૂર્ણ છે.

## ઉચ્ચશિક્ષણમાં મનોવિજ્ઞાનની ભૂમિકા

શિક્ષણ અને મનોવિજ્ઞાનનો સબંધ અવિભાજ્ય છે. કેળવણીનું મહત્વનું કાર્ય અધ્યેતાઓના વર્તનમાં ઇષ્ટ પરિવર્તનો લાવી તેમનો સર્વાંગીણ વિકાસ કરવાનો છે. મનોવિજ્ઞાન અધ્યયન સાથે સબંધિત એવા માનવવિકાસના 'કેવી રીતે' ને વર્ણવે છે. જ્યારે કેળવણી અધ્યયનના 'શું' અંગે માહિતી પૂરી પાડવાનો પ્રયત્ન કરે છે.

શિક્ષણ કે કેળવણી અને મનોવિજ્ઞાનને જોડતી કડી માનવવ્યવહાર કે માનવવર્તન છે. મનોવિજ્ઞાન માનવવર્તનનું અધ્યયન કરે છે.

- કેળવણીમાં મનોવિજ્ઞાનના પ્રવેશે શિક્ષણને બાળકેન્દ્રી બનાવ્યું છે. બાળક શિક્ષણના મહાવર્તુળનું કેન્દ્ર બન્યું છે. મનોવિજ્ઞાને શિક્ષણને 'બાળકને ઓળખો' એ સૂત્ર આપ્યું છે.
- શિક્ષણના હેતુઓનું નિર્ધારણ કરવામાં મનોવિજ્ઞાન ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. શિક્ષણમાં હેતુઓનું નિર્ધારણ અધ્યેતાની કક્ષા, તેના રસ, રુચિ તેની અભિયોગ્યતાઓ, તેની જરૂરીયાતો, તેની મનોવૃત્તિઓ, તેના વિકાસની કક્ષા અને તેના વિચારો પર આધાર રાખે છે.
- મનોવિજ્ઞાને અધ્યેતાઓને સમજવા માટે અધ્યાપકને નુતન દ્રષ્ટિ પ્રદાન કરી છે. વર્ગમાં ગેરશિસ્ત આચરતા તેમજ શિક્ષણ પ્રત્યે ઉદાસીનતા દાખવતાં સમસ્યારૂપ અધ્યેતાઓની વર્તન સમસ્યાઓ સમજવામાં મનોવિજ્ઞાન મદદરૂપ થાય છે.
- સમસ્યારૂપ અધ્યેતાઓનો અભ્યાસ કરી તેમની સમસ્યાઓના કારણોનું પૃથક્કરણ કરી તેમના વર્તનને સુધારવા માટે મનોવિજ્ઞાન અધ્યાપક માટે મદદરૂપ થાય છે.
- અધ્યાપકના કડક પ્રભાવને બદલે મુક્ત શિસ્તનો નવો અભિગમ મનોવિજ્ઞાને કેળવણીના ક્ષેત્રમાં પૂરો પાડ્યો છે.
- મનોવિજ્ઞાન માનવવર્તનનો અને તેની પાછળ રહેલા પ્રેરક પરિબળોનો અભ્યાસ કરે છે. જ્યારે કેળવણી એ મનુષ્યના વર્તનમાં પરિવર્તન લાવવાનું કાર્ય કરે છે. આથી શિક્ષણ અને મનોવિજ્ઞાન એ બનેની જોડનારી કડી છે.
- કેળવણી એ અધ્યેતાઓના સર્વદેશીય વિકાસની પ્રક્રિયા હોવાથી અધ્યેતાઓના રસ, રુચિ, સુષુપ્ત શક્તિઓ, તેમના વિકાસની અવસ્થાઓ, તેમની જરૂરીયાતો વગેરેને અનુલક્ષીને તેમજ જુદા જુદા અધ્યેતાઓના વૈયક્તિક તફાવતોને ધ્યાનમાં રાખીને કેળવણીના અભ્યાસક્રમો અને કાર્યક્રમોનું આયોજન કરવું પડે છે. મનોવિજ્ઞાન અધ્યેતાઓની જરૂરિયાત તેમજ તેમના વિકાસની અવસ્થાઓ ઉપરાંત ઉપરની બાબતો અંગે શિક્ષણને માહિતી પૂરી પડે છે.
- મનોવિજ્ઞાન કેળવણીના અભ્યાસક્રમોની રચના, તેની સુધારણા અને તેના અન્ય કાર્યક્રમોના આયોજનમાં મહત્વની ભૂમિકા ભજવે છે.
- શિક્ષણમાં મનોવિજ્ઞાનના પ્રવેશથી શિક્ષણ બાળકેન્દ્રી બન્યું છે. તેથી અધ્યેતાએ શિક્ષણના સાહસનો સક્રિય ભાગીદાર બન્યો છે.
- અધ્યાપક અને અધ્યેતાએ બંનેના વર્ગવ્યવહારમાંથી જન્મતી પ્રક્રિયા એજ શિક્ષણ છે. તે હવે સમજાવા લાગ્યું છે. તેથી અગાઉ અધ્યેતા વર્ગમાં ચેતનાવિહીન, નિર્જીવ, અકર્મણ્ય અને નિષ્ક્રિય શ્રોતા બની રહેતો હતો. હવે વર્ગમાં જીવંત, ચૈતન્યમય અને શિક્ષણનો સક્રિય ભોક્તા બન્યો છે. તેથી પ્રાચીન સમયમાં માત્ર વ્યાખ્યાન પ્રણાલી પ્રયોજવામાં આવતી અને અધ્યેતાને જ્ઞાન કંઠસ્થ કરવું પડતું, તેને બદલે અધ્યેતાઓની સક્રિય અને જીવંત ભાગીદારીને લીધે વિવિધ જૂથચર્ચા પધ્ધતિઓ અસ્તિત્વમાં આવી.
- મનોવિજ્ઞાન એ જ શિક્ષણ માટેનું આધારભુત વિજ્ઞાન છે. અધ્યાપન સૂત્રોને ચરિતાર્થ કરતી કેટલીક અધ્યાપન પધ્ધતિઓ મનોવિજ્ઞાને શિક્ષણને નુતન દ્રષ્ટિએ અર્પતા અસ્તિત્વમાં આવી છે.

ડેવિસ મનોવિજ્ઞાન અને શિક્ષણનો સબંધ દર્શાવે છે કે, "મનોવિજ્ઞાન એ અધ્યેતાઓની સુષુપ્ત શક્તિઓનું અને વિશિષ્ટતાનું પૃથક્કરણ કરે છે તથા શાળા જીવન દરમ્યાન અધ્યેતાની વૃધ્ધિ અને પરિપક્વતા વિષે જ્ઞાન આપે છે. તે અધ્યેતાને તેના પોતાના વિકાસથી માહિતગાર કરે છે."

"આમ, સમગ્ર શિક્ષણની પ્રક્રિયા મનોવિજ્ઞાનની કૃપાન્વિત છે. કેળવણી જે કઇ કરે છે અને જે પ્રકારે તે કરવામાં આવે છે તેને માટે મનોવિજ્ઞાન શોધખોળો પર નિર્ભર રહેવું પડે છે." શૈક્ષણિક મનોવિજ્ઞાનનો વ્યાપ અતિ વિશાળ છે. શિક્ષણના મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ અને શૈક્ષણિક મનોવિજ્ઞાનના વ્યાપને અતિ સંક્ષિપ્તમાં જ્હોન આદમ્સે બહુજ સૂચક રીતે સ્પષ્ટ કર્યું છે તે કહે છે કે શીખવવું ક્રિયાપદ બે કર્મ છે. કોને શીખવો છો અને શું શીખવો છો? આમ ઉચ્ચશિક્ષણમાં મનોવિજ્ઞાનની ભૂમિકા બાળકેન્દ્રી બની છે. અને બાળકોનો વિકાસ થાય એ તરફ એમના પ્રયત્નો રહ્યા છે. જેમાં મનોવિજ્ઞાનની ભૂમિકા અસરકારક જોવા મળે છે.

## ઉપસંહાર

ઉચ્ચશિક્ષણમાં પર્યાવરણ અને મનોવિજ્ઞાનની ભૂમિકા શિક્ષણ જગતમાં પરિવર્તન લાવનારી છે. પર્યાવરણની વ્યાખ્યા અને તેના શાબ્દિક અર્થની સાથે 'પર્યાવરણ' શબ્દના અર્થની સમજ આપવામાં આવી છે. યાદ રહે પર્યાવરણ અને પર્યાવરણ શિક્ષણ આ બંનેમાં તફાવત છે. આવનારી પેઢી પર્યાવરણ સબંધી જાગૃતતા કેળવે એવી આશા છે. ઉચ્ચશિક્ષણમાં પર્યાવરણને બાળક સમજે ભવિષ્યમાં આવનારી સમસ્યાઓની જાણકારી આપે પર્યાવરણની સુરક્ષા જાળવણી અને સુધારણા કાર્યો માટે પ્રોત્સાહિત કરે 'જીવો અને જીવવા દો' ની ભાવના પ્રત્યે જાગૃતતા વધારવાનું કામ કરે એ જ પર્યાવરણની ભૂમિકા શિક્ષણમાં સમાયેલી છે.

અધ્યાપકે જો પોતાના વ્યવસાયમાં સફળતા મેળવવી હશે, પોતાના અધ્યાનકાર્યને સફળ અને અસરકારક બનાવવું હસે તો તેણે શૈક્ષણિક મનોવિજ્ઞાનનું જ્ઞાન આત્મસાત કરવું જ રહ્યું. આ જ્ઞાન તેને અધ્યેતાને સમજવામાં તેને વિકસાવવમાં અને માર્ગદર્શન આપવામાં એમ અનેક રીતે ઉપયોગી થઇ પડશે. શૈક્ષણિક મનોવિજ્ઞાનનો ઉદ્દેશ

અધ્યાપકોને પોતાના સાંસ્કૃતિક તેમજ વ્યાવસાયિક હેતુઓને સિધ્ધ કરવામાં સહાયભૂત થાય તેવા તથ્યો અને નિયમોનું ઘડતર કરવાનો છે.

આમ, સાચા અર્થમાં ઉચ્ચશિક્ષણમાં પર્યાવરણ અને મનોવિજ્ઞાન એ જ્ઞાનને જોડતી કડીરૂપ છે. બંનેનો હેતુ "પર્યાવરણની જાળવણી અને પર્યાવરણની સમજ છે. સંસ્કૃતિની જાળવણી અને સંસ્કૃતિની સમજ છે." ઉચ્ચશિક્ષણમાં બાળકને જ્ઞાત કરીશું તો જ એનું જ્ઞાન સાચા અર્થમાં ઉપયોગી થશે. આમ, ઉચ્ચશિક્ષણમાં પર્યાવરણ અને મનોવિજ્ઞાનની ભૂમિકા અગત્યનો ભાગ ભજવે છે.

## સંદર્ભસૂચિ

1. પટેલ, વિ. જી. ***પર્યાવરણ શિક્ષણ.*** સુરત : અમોલ પ્રકાશન.
2. રાવલ, એન. વી. ***શૈક્ષણિક મનોવિજ્ઞાન***. અમદાવાદ : નીરવ પ્રકાશન.
3. શાહ, જી. અને પંડયા, કે. ***શૈક્ષણિક મનોવિજ્ઞાન***. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણબોર્ડ, ગુજરાત રાજ્ય.
4. પર્યાવરણ સાથી – રમેશ સાવલિયા